# નવસારી-વલસાડ-વાપી

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

નવસારી : ૯૪૨૬૧૮૯૫૩૩ | વાપી : ૯૯૦૯૯૯૫૨૧૧ | વલસાડ : ૯૯૭૯૭૫૫૭૫૫ | દમણ : ૯૯૯૮૯૬૩૨૨૫
મંગળવાર ૧૬ જૂન, ૨૦૨૬



**સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા મેસેજથી સંઘપ્રદેશ ભાજપમાં ખળભળાટ**

## મહિલા સભ્યોના પતિદેવો સરકારી કચેરીઓમાં અડિંગો ન જમાવે

**દાનહ**-દમણ-દીવ પ્રદેશ અધ્યક્ષને ટાંકી કરાયેલા ભાજપ મીડિયાના મેસેજમાં દખલગીરીના મુદ્દાને લઈ ઉહાપોહ

દમણઃ સંઘપ્રદેશ દાનહ-દમણ-દીવના પ્રદેશ અધ્યક્ષને ટાંકીને સોશિયલ મિડિયામાં વાયરલ થયેલા ભાજપા મીડિયા વિભાગના એક મેસેજ બાદ ભાજપા પાર્ટીમાં ઉહાપોહ મચી જવા પામ્યો હોવાનું જાણવા મળ્યું છે. વાયરલ થયેલા મેસેજમાં પ્રદેશ અધ્યક્ષે ચૂંટાયેલી મહિલા જનપ્રતિનિધિઓના પતિદેવોનો સરકારી કચેરીઓમાં અડીંગો અને દખલગીરીના મુદ્દાને લઈ મહિલા સભ્યોને સ્વતંત્ર રીતે કાર્ય કરવાની સૂચના આપતા વાયરલ થયેલા મેસેજને લઈ ખળભળાટ મચી જવા પામ્યો છે.

2 દિવસ અગાઉ ભાજપાના મીડિયા વિભાગ દ્વારા ચૂંટાયેલા જનપ્રતિનિધિઓના વોટ્સએપ ગ્રૂપ પર પ્રદેશ અધ્યક્ષ મહેશ અગરિયાની સૂચનાથી એક સંદેશ મુકવામાં આવ્યો હોવાનું જણાવાયું હતું. જે મેસેજમાં નગરપાલિકાની ચૂંટાયેલી મહિલા સભ્યો, સરપંચો અને ગ્રામપંચાયતની મહિલા સભ્યોને સંબોધીને ઉલ્લેખ કરાયો હતો કે, આપ સૌ સ્વતંત્ર રીતે એક સ્વાયત્ત સંસ્થાના ચૂંટાયેલા પ્રતિનિધિ છો અને આપના દૈનિક તથા શાસકીય કાર્યો આપને સ્વયં નિભાવવાના રહે છે. આથી, આપના શાસકીય કાર્યોમાં આપના પતિશ્રીઓ અથવા પરિવારના અન્ય કોઈપણ પુરુષ સભ્યો દ્વારા અનાવશ્યક દખલઅંદાજી કરવી યોગ્ય ગણાશે નહીં. હવેથી આપના પતિશ્રીઓ અથવા પરિવારના અન્ય કોઈપણ પુરુષ સભ્યોએ કામ સિવાય સરકારી કચેરીઓમાં અનાવશ્યક હાજરી આપવી કે અડીંગો જમાવવો નહીં. આ પ્રકારનું વર્તન સંગઠનની દ્રષ્ટીએ અનુશાસનહીનતા ગણાશે, જેની સર્વેએ નોંધ લેવી. એ પ્રમાણેની ચેતવણી આપવામાં આવી હતી. આ મેસેજ બાદ અમુક ચૂંટાયેલા સભ્યોમાં અસંતોષ ફેલાયેલો જોવા મળ્યો હતો.

આ પ્રમાણેનો મેસેજ સોશ્યલ મિડિયામાં વાયરલ થતાં જ ભાજપ સંગઠન અને ચૂંટાયેલા જનપ્રતિનિધિઓમાં ચર્ચાનો વિષય બન્યો હતો. સાથે સમગ્ર મામલો રાષ્ટ્રીય સ્તર સુધી પહોંચ્યો હોવાનું ચર્ચાયું છે.

### આવો કોઈ મેસેજ જારી કરાવ્યો નથીઃ પ્રદેશ અધ્યક્ષ, મહેશ અગરિયા

સમગ્ર મામલે દાનહ-દમણ-દીવના ભાજપા પ્રદેશ અધ્યક્ષ મહેશ અગરિયાએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે, તેમણે આવો કોઈ મેસેજ જારી કરાવ્યો નથી અને તેમને ખબર નથી કે આ મેસેજ કોણે કર્યો છે. જો કે, મહિલા જનપ્રતિનિધિઓએ પોતાની જવાબદારીઓ સ્વતંત્ર રીતે નિભાવવી જોઈએ તેવું પાર્ટીની આંતરીક બેઠક દરમ્યાન તેમને કહેવામાં આવતું હોય છે. સાથે આ પ્રમાણેની વાતો જાહેર મંચ પરથી તેમણે કરી નથી તેવું તેમણે ઉમેર્યું હતું.

**દમણગંગા નહેર વિભાગની ઘોર બેદરકારીના પાપે**

## ભાગડાવડામાં ભરતીના ખારા પાણી ખેતરોમાં ફરી વળ્યા

**કરોડોનો** ખર્ચ એળે જતાં ખેડૂતોની હાલત કફોડી

**તૂટેલા** દરવાજાઓમાંથી ખારું પાણી ૧૧૦૦ એકર જેટલી ફળદ્રુપ જમીનમાં પ્રવેશી ગયું



વલસાડઃ વલસાડના ભાગડાવડા ગામે દમણગંગા નહેર વિભાગની ઘોર બેદરકારી અને હલકી કક્ષાની કામગીરીનું વરવું પરિણામ સ્થાનિક ખેડૂતો ભોગવી રહ્યા છે. દરિયાની ભરતીના ખારા પાણીને ખેતીની જમીનમાં ઘૂસતા અટકાવવા માટે અંદાજે રૂ.૪ કરોડના માતબર ખર્ચે બનાવવામાં આવેલા પ્રોટેક્શન પાળા તદ્દન નિષ્ફળ સાબિત થયા છે. હાલમાં જ સમુદ્રમાં આવેલી ભરતીના કારણે દરવાજા તૂટેલા પાળામાંથી લાખો લિટર ખારું પાણી સીધું જ ખેતરોમાં ફરી વળ્યું છે, જેને પગલે સમગ્ર વિસ્તારમાં ફરી એકવાર ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ડિઝાઈન મુજબ આ પાળા એવી રીતે તૈયાર કરવાના હતા કે ભરતી આવે ત્યારે તેના દરવાજા આપોઆપ બંધ થઈ જાય અને ભરતી ઓસરે ત્યારે ખુલી જાય. પરંતુ નબળા બાંધકામને કારણે આ દરવાજાઓ ક્યારનાય તૂટીને બિસ્માર થઈ ગયા છે. વર્તમાન સમયમાં ભરતી આવતા જ આ તૂટેલા દરવાજાઓમાંથી ખારું પાણી રોકટોક વિના ૧૧૦૦ એકર જેટલી ફળદ્રુપ જમીનમાં પ્રવેશી ગયું છે. આ પરિસ્થિતિને કારણે ઊભા પાક અને જમીનને ભારે નુકસાન પહોંચ્યું છે, તેમજ પશુધનના ઘાસચારાની અછત પણ વધુ ઘેરી બની છે. સૌથી ગંભીર બાબત એ છે કે કરોડો રૂપિયાના સરકારી નાણાંનો ધુમાડો થયો હોવા છતાં, દમણગંગા વિભાગના સ્થાનિક અધિકારીઓ મન મિચામણા કરી રહ્યા છે. ગ્રામજનો દ્વારા અગાઉ અનેક લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી. વારંવારની ફરિયાદોને કચરાટોપલી ભેગી કરી દેવાતા તંત્રની કામગીરી સામે મોટા સવાલો ઊભા થયા છે. હાલમાં ખેતરો પાણીમાં ગરકાવ થઈ જતાં ખેડૂતો આર્થિક બરબાદીના આરે આવીને ઊભા છે. વારંવારની રજૂઆતો છતાં પણ કોઈ જ નક્કર નિવેડો કે સમારકામ ન આવતા હવે ભાગડાવડા ગામના ગ્રામજનો અને અસરગ્રસ્ત ખેડૂતોની હાલત કફોડી બની છે.

## સંક્ષિપ્ત સમાચાર

### પારડી પાલિકા દ્વારા સરકારની વિવિધ યોજનાઓ અને પ્રશ્નોના નિકાલ કરાયા


અમૃત પટેલ

પારડીઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કેન્દ્રમાં 12 વર્ષ પૂર્ણ થતા ભાજપ દ્વારા સમગ્ર દેશમાં સુશાસન પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે પારડી નગરપાલિકા દ્વારા જન કલ્યાણ શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં સરકારની વિવિધ યોજનાઓ અને જનતાના પ્રશ્નોના નિકાલ કરવામાં આવ્યા હતાં. પારડી પ્રાંત અધિકારી નીરવ પટેલ, પાલિકાના ચીફ ઓફિસર કોમલ ધાનૈયા, પાલિકા પ્રમુખ ચેતન નાયકા, બાંધકામ ચેરમેન પ્રણવ દેસાઈ, ટીપી ચેરમેન સિરીશ પટેલ, અનિતા રાય, શહેર ભાજપ પ્રમુખ વગેરે ઉપસ્થિત રહી માં જગદંબાની સ્તુતિ સાથે દીપ પ્રગટાવી જનકલ્યાણ શિબિરને ખુલ્લી મુકવામાં આવી હતી.

### વાપી મનપા દ્વારા ૧૭થી ૧૯ જૂન સુધી જનકલ્યાણ શિબિર યોજાશે

વાપીઃ વાપી મહાનગરપાલિકા દ્વારા વિવિધ ૧૫ જેટલી યોજનાઓ માટે માર્ગદર્શન, અરજી સહાય અને દસ્તાવેજ ચકાસણી અર્થે જન કલ્યાણ શિબિર કાર્યક્રમનું આયોજન તા.૧૭ થી ૧૯ જૂન, ૨૦૨૬ દરમિયાન ત્રણ દિવસ માટે કરવામાં આવ્યું છે. જે અંગતર્ગત વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં તા.૧૭/૦૬/૨૬ ના રોજ ચલા ઝોન ઓફિસ ચલા દમણ રોડ, વાપી, તા.૧૮/૦૬/૨૬ ના રોજ છીરી વોર્ડ ઓફિસ છીરી, વાપી અને તા.૧૯/૦૬/૨૬ ના રોજ ડુંગરા ઝોન કચેરી ડુંગરા વાપી ખાતે સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. અરજદારોને સ્થળ પર યોજનાઓનો લાભ લેવા જરૂરી દસ્તાવેજોમાં આધારકાર્ડ, રેશનકાર્ડ, બેંક પાસબુક તેમજ યોજના અનુસારના દસ્તાવેજો સાથે લઈને આવવા જણાવાયું છે.

### વાપી કેબીએસ એન્ડ નટરાજ કોલેજનું BCAM-4નું પરિણામ જાહેર



વાપીઃ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સીટી, સુરત અંતર્ગત માર્ચ /અપ્રિલ ૨૦૨૬ માં લેવાયેલ બી.સી.એ. સેમ.૪ પરીક્ષાના પરિણામ જાહેર થયું હતું. જેમાં વાપી નજીકના ચણોદ કોલોની સ્થીત કેશવજી ભારમલ સુમરીયા એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસના વિદ્યાર્થીઓ બી.સી.એ. સેમ.૪માં ૯.૦૦ SGPA સાથે આશિષ સિંઘ પ્રથમ સ્થાન, ૮.૭૩ SGPA સાથે સાહિલ મંડલ અને નેત્ર ગાયકર દ્વિતીય સ્થાન તેમજ ૮.૫૫ SGPA સાથે અર્ચના કુશવાહા તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલું છે. કોલેજના આચાર્યા ડો.પૂનમ બી. ચૌહાણ તેમજ મેનેજમેન્ટ, સ્ટાફે તેમના ઉજ્જવળ અને સમૃદ્ધ ભવિષ્યની શુભેચ્છા પાઠવી હતી.

### 'એક પેડ મા કે નામ': 25 હજાર છોડ રોપાયા




વાંસદાઃ વાંસદાના સામાજિક વનીકરણ વિભાગ દ્વારા એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત વાંદરવેલા ગામના બેડા ફળિયા ખાતે વિશાળ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન ગોચર જમીનમાં આશરે 25,000 રોપાઓનું રોપણ વાંસદા-ચીખલીના ધારાસભ્ય અનંત પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. અનંત પટેલે ગામોના સરપંચોને પણ આ અભિયાનમાં સક્રિય ભાગ લેવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં સામાજિક વનીકરણ વિભાગના આર.એફ.ઓ. દીપકભાઈ, સરપંચ સંજુભાઈ, તાલુકા પંચાયત સદસ્ય ઝાકીરભાઈ, અનિલભાઈ, ધનુભાઈ, હંસાબેન, રાજેશભાઈ, જયદીપભાઈ, ઘેલાભાઈ, ગૌરાંગભાઈ અને કિશોરભાઈ સહિત આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### સુબીરમાં જનકલ્યાણ શિબિરનું આયોજન કરાયું


ગિરીશ ભોયે

સાપુતારાઃ રાજ્ય સરકારની જનકલ્યાણલક્ષી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિકો સુધી સરળતાથી પહોંચે અને લોકોની સમસ્યાઓનું સ્થળ પર જ નિરાકરણ થાય તે હેતુથી સુબીર તાલુકા ખાતે જન કલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતુ. શિબિરમાં વિવિધ વિભાગોના અધિકારીઓની ઉપસ્થિતિમાં લાભાર્થીઓને સરકારની વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ પાત્ર લાભાર્થીઓને સહાય મંજૂરીના પ્રમાણપત્રો, લાભ વિતરણ તેમજ વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ અર્પણ કરવામાં આવ્યો હતો. આ વેળા જિલ્લા પંચાયત અધ્યક્ષ રાજેશભાઈ ગામીત, તાલુકા મામલતદાર આઈ.એમ.સૈયદ, તાલુકા વિકાસ અધિકારી સહિત સંબંધિત અધિકારીઓ, લોકપ્રતિનિધિઓ, વિવિધ વિભાગોના કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## પત્નીને મોતને ઘાટ ઉતારનાર પતિને આજીવન કેદની સજા

**વલસાડના** અબ્રામામાં બનેલી ઘટનામાં પતિ પત્નીને છૂટાછેડા આપવા માંગતો હતો

વલસાડઃ વલસાડના અબ્રામા વિસ્તારમાં ઘરજમાઈ રહેતા પતિએ છૂટાછેડા આપવા પોતાની પત્નીનું ગળું દબાવી હત્યા કરી હતી. જેની સામે વલસાડની સેસન્સ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. જેની સુનાવણી દરમિયાન સરકારી વકિલ નવીન પ્રજાપતિ અને ભરત પ્રજાપતિની દલીલ ગ્રાહ્ય રાખી જજ નિપા રાવલે આરોપીને કસૂરવાર ઠેરવી તેને આજીવન કેદની સજા અને રૂ.50 હજારના દંડની સજા ફટકારતો ચુકાદો આપ્યો હતો.

આ કેસની વિગત એવી છે કે, વલસાડના અબ્રામા વિસ્તારમાં રહેતી જીજ્ઞાના લગ્ન પાલણ ગામના વૈભવ સુરેશભાઈ નાયકા સાથે થયેલા હતાં. વૈભવના પરિવારજનો તેને રાખવા માંગતા ન હોય તે વલસાડ અબ્રામામાં જીજ્ઞાના ઘરે જ રહેતો હતો. જોકે, તે થોડા સમય પછી જીજ્ઞા સાથે છૂટાછેડા લેવા માંગતો હતો. જેના માટે તે જીજ્ઞા પાસે મેરેજ સર્ટિફિકેટ માંગી રહ્યો હતો.

આ મેરેજ સર્ટિફિકેટ આપવા જીજ્ઞાએ ના પાડતા ગત 21 એપ્રિલ 2024ના રોજ તેણે જીજ્ઞાનું ગળું દબાવી તેને મોતને ઘાટ ઉતારી દીધી હતી. આ ઘટના અંગે જીજ્ઞાના પિતા અનિલભાઈએ વલસાડ સિટી પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે બનાવ સંદર્ભે ગુનો દાખલ કરી વૈભવની ધરપકડ કરી હતી. તેની વિરુદ્ધ સેસન્સ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. જેની સુનાવણી બાદ તેને હત્યા માટે કસૂરવાર ઠેરવી તેને આજીવન કેદની સજા ફટકારતો હુકમ કરાયો હતો.

## વલસાડ મહિલા બેંક પરના પ્રતિબંધો વધુ 3 મહિના લંબાયો

**આરબીઆઈના** 35(એ) ના પ્રતિબંધ લંબાતા થાપણદારોમાં ચિંતા વધી

વલસાડઃ વલસાડની 50 વર્ષ જૂની પ્રતિષ્ઠિત વલસાડ મહિલા નાગરિક સહકારી બેંકની આર્થિક સ્થિતિ સુધરવાનું નામ નથી લઈ રહી. સિક્યુરિટી વિના બેફામ લોન આપવાના કારણે દેવાના ડુંગર તળે દબાયેલી આ બેંક પર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધોની મુદત વધુ 3 મહિના માટે લંબાવી દેવામાં આવી છે. સેક્શન 35(એ) હેઠળના આ કડક પ્રતિબંધો લંબાવાતા જ ગ્રાહકો અને ખાસ કરીને મોટા ડિપોઝીટર્સના જીવ તાળવે ચોંટ્યા છે.

અગાઉ બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા કરાયેલા ગેરવહીવટ અને કરોડો રૂપિયાના લોન કૌભાંડો સપાટી પર આવ્યા બાદ RBIએ બેંકના નાણાકીય વ્યવહારો અને ઉપાડ પર રોક લગાવી દીધી હતી. આ પ્રતિબંધની મુદત પૂર્ણ થવા આવી હતી, પરંતુ બેંકની નાણાકીય સ્થિતિમાં કોઈ નોંધપાત્ર સુધારો ન જણાતા કેન્દ્રીય બેંકે ગ્રાહકોના હિત અને બેંકિંગ નિયમોને આધીન રહીને પ્રતિબંધનો ગાળો વધુ 3 માસ માટે લંબાવવાનો આકરો નિર્ણય લીધો છે.

બેંકના સત્તાધીશો, જેમાં ચેરમેન ભુવનેશ્વરીબેન દેસાઈ, એમડી જસ્વીકાબેન દેસાઈ અને માજી ચેરમેન સુધાબેન પરમાર સામેલ છે, તેમણે અગાઉ પત્રકાર પરિષદ યોજીને સમગ્ર કૌભાંડનો ટોપલો તત્કાલીન મેનેજર સોહમ દેસાઈ પર ઢોળી દીધો હતો. જોકે, માત્ર મેનેજરની ધરપકડ અને બાદમાં જામીન પર મુક્તિ થઈ જવાથી ગ્રાહકોની ડૂબેલી મૂડી પાછી મળી નથી. સ્થાનિક કક્ષાએ વહીવટદારો દ્વારા વગર સિક્યુરિટીએ વ્હાલા-દવલાની નીતિ અપનાવીને વહેંચાયેલી લોનની વસૂલાત હજુ સુધી થઈ શકી નથી.

RBIના આ નવા આદેશ બાદ બેંકમાંથી પૈસાના ઉપાડ પરનો પ્રતિબંધ યથાવત રહેશે, જેના કારણે રૂ.5 લાખથી વધુની ડિપોઝીટ ધરાવતા થાપણદારોની મુશ્કેલીઓ ચરમસીમાએ પહોંચી છે. ગ્રાહકો હવે સોશિયલ મીડિયા અને સ્થાનિક સ્તરે આક્રોશ ઠાલવી રહ્યા છે કે બેંકનો અણઘડ વહીવટ કરનારા ડિરેક્ટરો સામે સરકાર દ્વારા કડક કાયદાકીય પગલાં ભરવામાં આવે અને બેંકની મિલકતો ટાંચમાં લઈને પણ ગ્રાહકોના કચડાયેલા હક્કના નાણાં પરત અપાવવામાં આવે.

## વલસાડના છરવાડા ગામે તળાવમાં ડૂબી જતાં યુવકનું મોત

વલસાડઃ મૂળ ખજૂરડીના અતુલ ફળિયામાં રહેતા ૩૩ વર્ષીય સુરેશભાઈ દિનેશભાઈ હળપતિ આજે છરવાડા ગામના ઈલવા ફળિયા વિસ્તારમાં આવેલા તળાવે માછલી પકડવા માટે ગયા હતા. માછલી પકડતી વખતે અચાનક કોઈ અગમ્ય કારણોસર તેઓ તળાવના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. સુરેશભાઈ પાણીમાં ડૂબી રહ્યા હોવાની જાણ થતાં જ મોટી સંખ્યામાં ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. લોકોએ ભારે મહેનત બાદ સુરેશભાઈને પાણીમાંથી બહાર કાઢ્યા હતા, પરંતુ કમનસીબે ત્યાં સુધીમાં તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું અને તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. આ ચકચારી બનાવ અંગે સ્થાનિક પોલીસને જાણ કરાતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. હાલ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## વાપી ગુંજનમાં જૂની અદાવતમાં બે ભાઈએ વેપારી-ડ્રાઈવરને માર માર્યા

**ડ્રાઈવરને** બચાવવા જતાં વચ્ચે પડેલા વેપારીના ચહેરા પર તલવારનો ઘા ઝીંક્યો

વાપીઃ વાપી ગુંજન સ્થિત જૂના હાઉસિંગ બોર્ડમાં રહેતા બે ભાઈએ જૂની ઝઘડાની અદાવતમાં કેળાના વેપારી તથા તેના ડ્રાઈવરને માર માર્યા હતાં. બંને ભાઈ પૈકી એકે તલવારથી વેપારીના ચહેરા ઉપર ઘા માર્યા હતાં.

વાપી ઉદ્યોગનગર પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ યુપી અને હાલ વાપી નજીકના ગુંજન સ્થિત જૂના ગુજરાત હાઉસિંગ બોર્ડમાં અંકિત મુરલીધર દુબે (ઉં.વ.25) રહે છે અને તેઓ પાર્ટનરમાં કેળાના જથ્થાબંધનો ધંધો કરે છે. કેળાની ગાડી ચલાવવા માટે ડ્રાઈવર રાજેશ બાબુભાઈ બારીયાને રાખ્યો છે. ગત તા.14-6-26 ના રોજ વાપી છરવાડા ક્રિકેટ ગ્રાઉન્ડ પર ટુર્નામેન્ટનું આયોજન હોય જેથી તેઓ ગયા હતા અને મિત્રો સાથે ક્રિકેટ ગ્રાઉન્ડ પર મોડે સુધી બેસેલા હતા. દરમિયાન રાત્રિના આશરે સાડા બારેક વાગ્યાની આસપાસ ડ્રાઈવર રાજેશે ફોન કરીને જણાવ્યું કે, હાઉસિંગમાં જ રહેતા રાજેશ પટેલ તને મારવા માટે શોધી રહ્યો છે. જે બાદ મિત્રનો ફોન આવ્યો કે, તમારા ડ્રાઈવરને હાઉસિંગમાં રહેતા રાજેશ અને જેકી માર મારી રહ્યા છે. જેથી તેઓ મોપેડ લઈને હાઉસિંગ પહોંચ્યા ત્યારે ડ્રાઈવર રાજેશ બારીયાના મોંમાંથી લોહી નીકળતું હતું. જે બાદ વેપારી અંકિત હાઉસિંગમાં રહેતા રાજેશ બાબુભાઈ પટેલ અને તેનો ભાઈ જેકી પટેલને પૂછવા માટે મોપેડ લઈને ઘર પાસે પહોંચી ગયો હતો. બાદમાં જેકી ઘરમાંથી તલવાર લઈને આવ્યો હતો અને રાજેશને આપી હતી અને તે તલવારથી રાજેશે વેપારીના ચહેરા પર ઘા માર્યા હતા. બીજો ઘા મારવા આવતા તલવાર પકડી ખેંચી લીધી હતી. ઈજાગ્રસ્ત થયેલા વેપારી અને તેના ડ્રાઈવરને સારવાર માટે મિત્ર દ્વારા બાઈક પર વાપીની હોસ્પિટલમાં ખસેડ્યા હતા. ઝઘડાની જૂની અદાવતને લઈ આ મારામારી થઈ હતી. મારામારી કરનારા હાઉસિંગ જ રહેતા બંને ભાઈ સામે અંકિત દુબેએ વાપી ઉદ્યોગનગર પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## પારડી નજીક ટેમ્પોમાંથી 5.89 લાખનો દારૂ ઝડપાયો

પારડીઃ પારડી પોલીસે ડુંગરી ગામ નજીક અતુલ ફળિયા વિસ્તારમાં નાકાબંધી ગોઠવી હતી. આ દરમિયાન પરિયા તરફથી ડુંગરી તરફ આવી રહેલા એક શંકાસ્પદ ગ્રે કલરના અશોક લેલેન્ડ 'બડા દોસ્ત' પીકઅપ વાહન (નં. GJ-03-CU-0552)ને પોલીસે રોકવાનો ઈશારો કર્યો હતો. જોકે, ચાલકે વાહન ઊભું રાખવાને બદલે ભાગ્યો હતો. પોલીસે પીછો કરતાં ચાલક થોડે દૂર રોડની સાઈડમાં પિકઅપ મૂકીને નજીકની વાડીઓમાં નાસી છૂટ્યો હતો. પોલીસે તપાસ કરતાં તેમાંથી સેન્ટરિંગના લાકડાંની આડમાં દારૂ-બિયરના ૮૦ બોક્સ મળી આવ્યા હતા, જેમાં કુલ ૨,૦૮૮ નંગ બોટલ અને ટીન હતા. આ આશરે ૯૦૮.૪૦ લીટર દારૂના જથ્થાની કિંમત રૂ. ૫.૮૯ લાખથી વધુ થાય છે. પોલીસે કુલ રૂ.૮.૮૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

## બીલપુડીમાં 5 લાખના રસ્તાના કામમાં ગેરરીતિના આક્ષેપ

**તપાસ** કરી કાર્યવાહી કરવાની ગ્રામજનોની માંગ


આસીફ શેખ

ધરમપુરઃ ધરમપુરના બીલપુડી ગામમાં ન્યુ ગુજરાત પેટર્ન યોજના વર્ષ 2025-26 હેઠળ મંજૂર થયેલા અંદાજિત રૂ.5 લાખના રસ્તા કામમાં ગેરરીતિ થઈ હોવાનો આક્ષેપ ગ્રામજનોએ કર્યો છે. પ્રમોદભાઈ એસ. ગાંવિત સહિત ગામલોકોએ તાલુકા વિકાસ અધિકારીને લેખિત અરજી આપી સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરવાની માંગ કરી છે.

અરજીમાં જણાવ્યા મુજબ, મુખ્ય રસ્તાથી ઉતારા ફળિયા તરફના માર્ગનું કામ મંજૂરી મુજબ પૂર્ણ કરાયું નથી અને માત્ર આંશિક કામગીરી કરવામાં આવી હોવાનું જણાવાયું છે. છતાં સરકારી ગ્રાન્ટનો સંપૂર્ણ ખર્ચ દર્શાવવામાં આવ્યો હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે.

ગ્રામજનોએ સ્થળ તપાસ કરી માપપુસ્તક, બિલો, વાઉચર અને ચુકવણીના દસ્તાવેજોની ચકાસણી કરીને વાસ્તવિક હકીકત બહાર લાવવાની માંગ કરી છે. સાથે જ જો કોઈ અધિકારી, કર્મચારી કે જવાબદાર વ્યક્તિની સંડોવણી સામે આવે તો તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરી જરૂરી હોય તો સસ્પેન્ડ કરવાની તેમજ સરકારી નાણાંની વસુલાત કરવાની પણ માંગ અરજીમાં કરવામાં આવી છે.

## ટ્રકે ચાર વાહનને ઉડાવ્યાં, મહિલાનું મોત

**ભીલાડ** ફાટક પાસે હાઈવે પર અકસ્માત સર્જાયો, કારમાં સવાર સેલવાસનો પરિવાર કનાડુ બીલીયા જવા નીકળ્યો હતો


ઉમેશ સોલંકી

ઉમરગામઃ ભીલાડ રેલવે ફાટક પાસે હાઈવે પર યમદૂત બનીને દોડતી ટ્રકે ચાર વાહનને અડફેટે લેતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની આ ઘટનામાં ઈનોવામાં સવાર સેલવાસના પરિવારની એક મહિલાનું મોત તથા કારમાં સવારોને નાની મોટી ઈજાઓ પહોંચી હતી.

મુંબઈથી વાપી તરફ એક ટાટા કંપનીની ટ્રક (નં.જીજે 02 બીટી 3988) રવિવારે બપોરે ત્રણેક વાગે પસાર થઈ રહી હતી, તે વખતે આ ટ્રકના ચાલકે ભીલાડ રેલવે ફાટક પાસે હાઈવે પર ઉભેલી ડસ્ટર કાર, ઈનોવા કાર, રેનોલટ કાર અને ટેમ્પોને અડફેટે લીધા હતા. આ અકસ્માતની ઘટનામાં ઈનોવા કારમાં સવાર દાદરા નગર હવેલી સેલવાસના એક પરિવારની મહિલા મંજુબેન પટેલનું ગંભીર ઈજાઓના કારણે કરુણ મોત થયું હતું તથા કારમાં સવાર અન્યોને નાની મોટી ઈજાઓ પહોંચી હતી.

આ અકસ્માતના બનાવ અંગે ભીલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ ભાવેશભાઈ નટુભાઈ પટેલ (રહે., સેલવાસ, દાદરા નગર હવેલી)એ આપી છે તેમને ફરિયાદમાં જણાવ્યું હતું કે રવિવારે તેઓ સેલવાસથી કનાડુ બીલીયા જવા નીકળ્યા હતા અને નરોલી બ્રિજ થઈ ભીલાડ ફાટકે આવીને બપોરે ત્રણેક વાગે ઊભા હતા. તેમની ઈનોવા ગાડીમાં તેમની બહેન સંગીતાબેન, આરતીબેન, ભાભી શિલ્પા, ફોઈ મંજુબેન, દાદી કમુબેન, દાદા રમેશભાઈ, ભાણેજ નૈતિક, ભત્રીજી જૈનીશા હતા. તે વખતે ટ્રકના ચાલકે ઈનોવા કાર સહિત ચાર અન્ય વાહનોને પણ અડફેટે લીધા હતા અને આ અકસ્માતની ઘટનામાં તેમની ફોઈ મંજુબેનનુ મોત નીપજવા પામ્યું હતું.

આ બનાવ અંગે ભીલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ટ્રકના ચાલક અખિલેશ પ્રભુ પટેલ (રહે., ઊંઝા, મહેસાણા) વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ ભીલાડ પોલીસે હાથ ધરી છે.


### જાહેર નોટીસ

મોજેઃ વેજલપોર, તા. જી. નવસારીની સીમમાં આવેલ ખાતા નંબર-૨૦૪, બ્લોક/સર્વે નંબર (જુનો) ૩૨, (નવો) ૪૨, કુલ્લે ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૨૧-૩૪, આકાર રૂ. ૪.૦૦ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીન નિલકેશ મહાદેવ પ્રસાદની સ્વતંત્ર માલીકીની તથા કબજા ભોગવટાવાળી જમીન ચાલી આવેલ છે. ઉપરોક્ત ખેતીની જમીન હમારા અસીલે વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી ઉપરોક્ત જમીનમાં અન્ય કોઈપણ પ્રકારના લાગભાગ, દરદાવો, હકક, હિસ્સો, હિત, સંબંધ, ગણોત હકક, દરમેલ હકક, ખાધાખોરાકી યા લીયનનાં હકકો યા ઈઝમેન્ટનાં હકકો યા બેંક, મંડળી, સંસ્થા, રાજ્ય સરકારના કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા કોઈપણ વ્યક્તિનો મિલકતમાં હકક પ્રસ્થાપિત થતો હોય યા વેચાણ વિરૂધ્ધ વાંધો હોય તો તેમણે આધારભૂત લેખીત પુરાવા સહિત આ નોટીશ પ્રસિધ્ધિ થયેથી દિન-૧૦ માં હમોને લેખીતમાં નીચેના સરનામે જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઈ હકક, વાંધા રજુ થશે નહીં તો કોઈના હકક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે, યાને વેવ કર્યા છે, તેવું માની હમારા અસીલ સદરહું જમીનનો કાયદેસરનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અંગેની કાર્યવાહી હાથ ધરી મિલકત વેચાણ લેનારના નામે સંબંધિત રેકર્ડ દફતરે તબદીલ કરવાની કાર્યવાહી હાથ ધરશે. જેની લાગતા-વળગતા તમામે નોંધ લેવી.

મારી સુચનાથી,

નિલકેશ મહાદેવ પ્રસાદ
રહેવાસીઃ ૧૪૫, મોટી ફળી, અમરોલી ગામ,
તા. ચોરાસી, જી. સુરત-૩૯૪૧૦૭.

અસીલની સુચના અને ફરમાઈશથી,

તા. ૧૫-૦૬-૨૦૨૬
ચિરાગ બી. રફાળીયા એડવોકેટ
૨૦૧, સિંધુ શોપીંગ સેન્ટર, શંખેશ્વર સોસાયટી પાસે, કાલિયાવાડી, તા. નવસારી શહેર, જી. નવસારી. મો.: 97242 95645

### જાહેર નોટિશ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, મોજે નનકવાડા, તાલુકાઃ- વલસાડ, જિલ્લાઃ-વલસાડ. નાં ખાતા નંબરઃ- ૨૩૬૨, જેનો બ્લોક / સર્વે નંબરઃ- ૩૦૭૯ જુની શરત બીન ખેતી જેનું ક્ષેત્રફળ ૨૧૯ ચોસર મીટર વાળી જમીન જયરામપાર્ક- ૨ સોસાયટીમાં ચાલી આવેલ છે. તે જમીન / મિલકતના માલિક બાબતે મારા અસીલ અશોકભાઈ લલ્લુભાઈ પટેલનાં તરફથી મહેરબાન વલસાડનાં પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જડજ સાહેબની કોર્ટમાં સ્પેશીયલ દિવાની મુકદમા નંબરઃ- ૩/૨૦૨૪ દાવો દાખલ કરેલ છે. જે હાલમાં પેન્ડીંગ છે. સદર મિલક્તમાં મારા અસીલ અશોકભાઈ લલ્લુભાઈ પટેલ રહેવાસીઃ- ઓરીયા મોરા, દેસરા, બીલીમોરા, તાલુકા-ગણદેવી, જિલ્લા :- નવસારી નાં નો પ્રત્યક્ષ કબજો ચાલી આવેલ છે. અને કાયદેસરનું હિત ચાલી આવેલ છે. મજકુરની મિલક્તનાં માલિક પ્રદીપ ચીમનલાલ પટેલ હાલ યુ. કે. ખાતે રહેતા આવેલ છે જેઓ મારા અસીલનાં કાયદેસરનાં ચાલી આવેલ હક્ક દુબાડવાનાં બદ ઈરાદે વેચાણ ગીરો કે બક્ષીસથી તબદીલ કરવા માંગે છે.

હાલની નોટિસથી જાહેર જનતાને જણાવવાનું કેઃ- ઉપર જણાવેલ વર્ણનવાળી મિલક્ત કોઈએ કોઈ પણ પ્રકારનાં લેખથી વેચાણ, ગીરો, બક્ષીસ અગર અન્ય કોઈ પણ રીતે તબદીલ કરવી કરાવવી નહીં અને તેમ છતાં પણ જો કોઈ વ્યકિત તેવી કાર્યવાહી કરશે કરાવશે તો તેવી કાર્યવાહીથી તમોને તકરાર સિવાય કશુ પ્રાપ્ત થશે નહી. અને તે સંબંધેનાં નીપજતા તમામ પરિણામો જે તે વ્યક્તિએ ભોગવવાનાં રહેશે.

મારીમારફતે

ભરતકુમાર એ. ભંડારી
એડવોકેટ અને નોટરી
૧૧૦, પહેલો માળ, રાજલક્ષ્મી પ્લાઝા, ગૌહરબાગ, બીલીમોરા, તા. ગણદેવી, જિલ્લા- નવસારી મોબાઈલઃ- ૯૮૨૪૨૮૦૯૬૩